## સમયસાર
## પ્રવચન નં. ૩૩૬

આજ કેવળજ્ઞાનનો મોસમનો દિવસ છે અત્યારે. ઇન્દ્રોએ ભગવાનને કેવળજ્ઞાન થયું એટલે સ્તુતિ કરી. એ તો એક એ જાતનો સંબંધ બતાવે છે. કાંઈ સ્તુતિ કરે એટલે ઉપદેશ નીકળે એવું કાંઈ છે નહિ. પણ ભગવાનને કેવળજ્ઞાન થાય એટલે દિવ્યધ્વનિ છૂટ્યા વિના રહે નહિ. દિવ્યધ્વનિ એટલે શું? દિવ્ય એટલે પ્રધાન-ઉત્કૃષ્ટ, ધ્વનિ એટલે અવાજ. સર્વોત્કૃષ્ટ આત્મતત્ત્વને બતાવનારી વાણી. એ સર્વજ્ઞ ભગવાન આત્માનું પૂર્ણ જ્ઞાન પામે એટલે વાણી તીર્થંકરદેવને નીકળે. એ ઉપદેશમાં એમ આવ્યું કે ભગવાને કેવળજ્ઞાન જે જાણ્યું એનો ઉપદેશ વાણી દ્વારા આવ્યો.

એ દિવ્યધ્વનિની વાત ઘણીવાર થઈ છે કે જ્યાં સુધી આત્મામાં રાગ અને દ્વેષાદિ ભાવ હોય છે ત્યાં સુધી .. થાય છે અને આત્મામાં તદ્દન જ્ઞાન અભેદ નામ અખંડસ્વરૂપ થઈ જાય છે .. સમજાય છે? વાણીમાં ભેદવાળી વાણી કેમ આવે છે? કે આત્મા જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ છે એમાં જેટલે અંશે રાગ અને દ્વેષમાં જ્ઞાન અટકે ત્યાં સુધી એની અભેદ એકાક્ષરવાણી સહજ ન નીકળે. .... આત્મામાં થાય, અજ્ઞાન ટળી અને રાગ-દ્વેષ પૂર્ણ જ્યારે ટળે છે ત્યારે જ્ઞાન અને વીતરાગતા પૂર્ણ થયા પછી જે વાણી નીકળે એમાં ભેદ ન હોય. એક અખંડ આખા શરીરમાંથી ૐ એવી ધ્વનિ એકાક્ષરી અભેદ નીકળે છે. એ વાણીમાં આખા જગતના રહસ્યો પૂરા એક એક સમયની અંદર પૂર્ણ પૂર્ણ ઉપદેશ આવે છે. શ્રવણ કરનાર જેની જેવી લાયકાત હોય તેટલું તેને સમજી જાય છે. ભગવાનની વાણીમાં ઓછું-અધુરું હોતું નથી. કેમકે એ તો વિકલ્પ નામ ઇચ્છા અને દ્વેષ વિના એકલો આત્મસ્વભાવ જ્યાં પરિપૂર્ણતાને પામ્યો છે એવી દશામાં જે વાણી નીકળે એ વાણીમાં કાંઈ અંદર ભેદાદિ હોતો નથી. એ તો પરિપૂર્ણ (હોય છે). ભેદ એટલે કે ક્રમસર કહેવું એવું પણ એમાં હોતું નથી. એકસાથે પૂર્ણ ઉપદેશ આવે છે. સમજાય છે?

એ આત્માની અંદરમાં રાગ અને દ્વેષની ઇચ્છા સર્વથા તૂટી ગઈ અને સર્વથા સ્વરૂપ અભેદ અખંડ થયું પછી વાણીમાં ઓછું આવે, ક્રમ આવે એવું હોઈ શકે નહિ. પૂર્ણ એકસાથે આવે છે એ જીવો એની યોગ્યતા પ્રમાણે સમજે છે. એમાં મૂળ વાત યથાર્થ ગણધરદેવ એ વાણીને ઉત્કૃષ્ટપણે સમજવાને લાયક તે તે વખતે હાજર હોય છે. ભગવાનની વાણી નીકળે અને ગણધરદેવ ન હોય એમ કોઈ દી બને નહિ. એ વાણીને સમજનાર

ઉત્કૃષ્ટ યોગ્યતાવાળા એ સમજે છે. અંતર્મુહૂર્તમાં બાર અંગનું જ્ઞાન એને થઈ જાય છે. બીજા જીવોને એની ક્ષયોપશમ અને લાયકાત પ્રમાણે થાય છે. પણ આને એટલો ક્ષયોપશમ થાય છે તેને ક્ષયોપશમની લાયકાત પ્રમાણે પણ એની લાયકાત એટલી ઊંચી કે સર્વોત્કૃષ્ટ જે સ્વભાવ, એ સ્વભાવમાં સર્વોત્કૃષ્ટ જો વ્યક્તિ હોય તો ગણધર છે. એને એકસાથે એટલું બધું ખ્યાલમાં આવી જાય છે કે ભગવાને જે કહ્યું—છ દ્રવ્ય, ભગવાને કેવળજ્ઞાનમાં અનાદિ અનંત છ પદાર્થો જોયા. એ છ પદાર્થના ભેદો પાડતા નવ તત્ત્વ થાય છે. એક જીવ અને પાંચ જે અજીવ છે એ અજીવતત્ત્વમાં સમાઈ જાય છે. એના બધા ભેદ પાડતા ભગવાને કેવળજ્ઞાનમાં જણાવ્યું કે જેને આત્મહિત કરવું છે એને હિત કરનારો જીવ જો આ જગતમાં ન હોય તો હિત કરે કોણ? અને હિત કરનારો જીવ વર્તમાન દશામાં એની મલિન અવસ્થા જો ન હોય તો મલિન અહિતને ટાળીને હિત કરવાનું રહેતું નથી. એટલે ભગવાને જીવતત્ત્વ છે એમ ત્રિકાળ સિદ્ધ કર્યું. એ જીવતત્ત્વની અવસ્થામાં મલિનતા છે, મલિનતા છે. બધી મલિનતા પુણ્ય-પાપ અને આસ્રવ, બંધ એ ચાર મલિનતાના પ્રકાર પડે છે. સમજાય છે?

જીવદ્રવ્ય છે અને એમ નક્કી કરવાનું જ્યારે સૂચવે છે ત્યારે નક્કી કરનાર કાંઈ જીવદ્રવ્ય જેમ છે તેમ એ માનતો નથી માટે તેની વર્તમાન દશામાં મલિનતા છે એમ સૂચન થાય છે. અને તે મલિનતાના ભગવાને ચાર પ્રકાર પાડીને વિશેષ સમજાવ્યા. દયા, દાન, ભક્તિ તે પુણ્યતત્ત્વ છે. હિંસા, જૂઠું આદિ પાપતત્ત્વ છે. ... ભાન વર્તતું હોય તો તો એને ઉપદેશ કરવો, એને સાંભળવો એ કાંઈ રહેતું નથી. એટલે આત્મા છે એને ઉપદેશ કરતાં કોઈ અદ્વૈત એકલો આત્મા કહેનાર છે એની વાત પણ યથાર્થ છે નહિ.

એ જગતમાં એકલું પુદ્‌ગલ જ છે એમ કહે છે એની વાત પણ યથાર્થ નથી. જે કોઈ આત્મા છે એમ કહીને એની અવસ્થામાં મલિનતા જ બિલકુલ નથી તોપણ એનો અભિપ્રાય યથાર્થ છે નહિ. મલિનતા ટળીને આત્મામાં નિર્મળ ક્રમે ક્રમે નિર્મળતાના અંશો સંવર અને નિર્જરા એટલે મલિનતાનું ટળવું, નિર્મળતાનું અંશે ઉત્પન્ન થવું અને તે નિર્મળતામાં ઉગ્રપણે વિશુદ્ધતાનું વધવું, એવી જો દશા ન હોય તો આગળ આત્મા પૂર્ણ દશાને સાધવાને સાધકપણે રહેતો નથી. એટલે સંવર અને નિર્જરા બે તત્ત્વો ન માને એને એકેય તત્ત્વ સિદ્ધ થતું નથી. અને સંવર, નિર્જરા એટલે આત્મા જ્ઞાનાનંદ, ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છું એનો આશ્રય કરીને .. પોતાનું સ્વરૂપ માનતો એ સમ્યગ્દર્શનના સ્વરૂપે ત્રિકાળ હું ચૈતન્ય છું એમ માનવા લાગ્યો ત્યારે એને સંવર નામ નિર્મળતા દશાની ઉત્પત્તિ થઈ અને એ નિર્મળ દશામાં શુદ્ધિની વૃદ્ધિ થવા માંડે એને ભગવાન નિર્જરા કહે છે. એ પૂર્ણ શુદ્ધિની દશાને ભગવાન મોક્ષની દશા કહે છે. આ નવ તત્ત્વ જે યથાર્થપણે જેમ જગતના સદ્‌ભાવ છતાં ..

એ ભગવાનની દિવ્યધ્વનિમાં છ દ્રવ્ય અને નવ તત્ત્વનું સ્વરૂપ આવ્યું. એ છ દ્રવ્ય અને નવ તત્ત્વો ભગવાને કહ્યા માટે છે એમ નથી. એ જગતમાં છે માટે જાણ્યા અને જાણ્યા એવા કહ્યા. ભગવાનની ધ્વનિમાં આવ્યું છએ પદાર્થ સ્વતંત્ર છે. કોઈ પદાર્થ કોઈ પદાર્થનો કર્તા નથી.

આપણે અધિકાર પણ એ ચાલે છે. એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ત્રણ કાળ ત્રણ લોકમાં કરી શકે નહિ. એ પરને કરવાનો જે અહંકાર કરે એ અજ્ઞાનભાવ અને મિથ્યાત્વભાવથી પોતાના સ્વભાવની વિરાધના કરે છે. વિરાધના કરે તેને મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર કહેવામાં આવે છે.

હું ચિદાનંદ શુદ્ધ છું. પરના એક રજકણની ક્રિયા હું કરી શકું નહિ કેમકે છ દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું કરતું નથી. દ્રવ્ય એટલે સમજાય છે? દ્રવ્ય એટલે પદાર્થ, દ્રવ્ય એટલે વસ્તુ. દ્રવ્ય એટલે પદાર્થ ક્ષણે ક્ષણે દ્રવે, પ્રવહે, પરિણમે છે એને દ્રવ્ય કહેવાય છે. એ દ્રવ્ય પોતે સ્વતંત્રતા સિદ્ધ કરે છે કે દરેક આત્મા અને દરેક પરમાણુ પોતપોતાના સ્વભાવ કે વિભાવમાં પોતાને જ કારણે દ્રવે અને પરિણમે છે. એમાં કોઈનું કોઈ કરે અને કોઈનું કોઈ બનાવે અને કોઈનું કોઈ તોડે એ વસ્તુના સ્વભાવમાં છે નહિ.

એવો ઉપદેશ ભગવાનની દિવ્યધ્વનિમાં ગણધરો અને ઈન્દ્રો આદિની સ્તુતિ થતાં અથવા બીજા મુનિઓ આદિની અથવા સાધારણ જનતાની સ્તુતિ થતાં એ ભગવાનની વાણીમાં આ દિવ્યધ્વનિનો ઉપદેશ નીકળ્યો. એ જગતના જેવા પદાર્થ છે તે પ્રમાણે એવો ઉપદેશ નીકળ્યો. એ પદાર્થમાં નવ યથાર્થપણે જે ન સમજે એને વાસ્તવિક એક પણ કલ્યાણ સાબિત થતું નથી. કેમકે જીવ જો ન હોય તો કલ્યાણ કરવું કોનું? અજીવ જો ન હોય તો બીજાની સત્તામાં પોતાની સત્તા માને છે એ ભૂલ થાય નહિ. અને જો પુણ્ય-પાપનો આસ્રવ અને વિકાર જો ન હોય તો વિકાર ટાળીને નિર્વિકારી પર્યાય અવસ્થા પ્રગટ કરવી એ પણ રહેતું નથી. અને નિર્વિકારી પર્યાયમાં પરિણમન જો ન હોય, બદલવું ન હોય તો આગળ વધીને સાધકપણે શાંતિ અને આત્માની વીતરાગતા વધારવી રહેતી નથી. અને પૂર્ણ વીતરાગતામાં પણ જો પરિણમન અને બદલવું ન હોય તો આત્મા પૂર્ણ થયા પછી પણ પૂર્ણનો એને અનુભવ રહેતો નથી.

એટલે ભગવાન કહે છે કે આત્મા પરિપૂર્ણ એક એક પ્રભુ છે. એ દરેક આત્મા પોતાની શક્તિથી પ્રભુ છે. પરમાણુ પણ પ્રભુ છે, આત્મા પણ પ્રભુ છે. કેમ પ્રભુ? પ્રભુ એટલે શક્તિસંપન્ન. એ પરમાણુ પણ સ્વતંત્ર શક્તિસંપન્ન છે. એ કાંઈ આત્મા હોય તો બદલે એવો એ પદાર્થ છે નહિ. એ પણ એક એક પરમાણુ સ્વતંત્ર અનંત શક્તિનો ભંડાર છે. અને આત્મા એ પણ કાંઈ પરમાણુની મદદ મળે અને શરીરની મદદ મળે અને બીજા પદાર્થની સહાય હોય તો કલ્યાણ કરી શકે એવો આત્મા છે નહિ. આત્મા

પ્રભુ છે, આત્મા અનંત શક્તિનો ભંડાર છે, આત્મા સ્વઆશ્રયે પોતાનું કલ્યાણ કરી શકે એવી તાકાવાળો છે. એ પોતાને ભૂલીને જે પરનો આશ્રય કરીને પોતે ભૂલ્યો છે અને પરાધીન પોતાને કારણે થયો છે. પરાધીન એને કોઈએ કર્યો નથી. કોઈએ કર્યો નથી કે કર્મે પરાધીન કર્યો છે ને શરીર કર્યો છે અને કાળે કર્યો છે, એ ત્રણ કાળમાં એક પદાર્થ બીજા પદાર્થને પરાધીન કરે શકે નહિ.

એવી પ્રરૂપણા ભગવાનની વાણીમાં સ્વતંત્રપણાના દિવ્યધ્વનિમાં ઢંઢેરા પીટાણા. અને એમાં જે દિવ્યધ્વનિમાં આવ્યું એમાં એક દુદુંભી વગાડે, દુદુંભી દેવો વગાડે છે. એ દુદુંભીમાં એમ દેવો કહે છે કે અરે..! લોકો તમારે હિત કરવું હોય તો ભગવાનની ઉપદેશ વાણીને સાંભળો. એ સિવાય ક્યાંય હિત છે નહિ. (ભગવાનના) સમવસરણમાં સાડા બાર કરોડ વાજા વાગે છે. એમાં એ ઉપદેશ આવે છે કે જેને આત્માનું કલ્યાણ કરવું હોય એ ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવા આવો. એ દુદુંભીનો નગારો એમ કહે છે એમ અલંકાર ઈન્દ્રો ઉતારે છે. એ દુદુંભી તો અતિશયને લઈને થાય છે. પણ ઈન્દ્રો કહે છે, હે નાથ! તારો દુદુંભી વાગે છે એનો અર્થ તો અમે એમ કરીએ છીએ, જગતના જીવોને નગારા પીટીને વગાડે બોલે છે, અરે.. જીવો! હિત કરવું હોય તો ભગવાનની વાણી સાંભળો! કલ્યાણ કરવું હોય તો ભગવાનની દિવ્યધ્વનિને સાંભળો! એ સિવાય કલ્યાણ ત્રણ કાળ ત્રણ લોકમાં ક્યાંય થવાનું નથી. એ ભગવાનની ધ્વનિમાં એ આવ્યું છે.

દરેક વસ્તુ અનાદિઅનંત સ્વતંત્ર છે. સર્વે વસ્તુ અસહાયી અસહાયી—કોઈ કોઈને સહાય કરવા કોઈ સમર્થ નથી. એ રખડે તો પોતાની ભૂલથી અને ભૂલ ભાંગીને પરમાત્મા થાય તો પોતાની સ્વતંત્રતાથી, પણ કોઈ કોઈનું કાંઈ કરી શકવા સમર્થ નથી. આ અધિકાર તાકડે આપણે કર્તાકર્મનો છે. એવો અધિકાર આ અત્યારે ભરતક્ષેત્રોમાં જેવો કુંદકુંદાચાર્ય મહારાજે ભગવાનની દિવ્યધ્વનિ (સાંભળીને બનાવ્યો). કુંદકુંદાચાર્ય વર્તમાન મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધર ભગવાન બિરાજે છે. ત્યાં જઈ, આઠ દિવસ રહી સાક્ષાત્ સમવસરણમાં કેવળજ્ઞાનની ધ્વનિ આઠ આઠ દી ત્યાં રહીને સાક્ષાત્ પોતે સાંભળીને, પોતે આ ભરતક્ષેત્રમાં સંવત્ ૪૯ લગભગની સાલમાં આ ભરતક્ષેત્રમાં એ રચના અને એ બનાવ બની ગયો છે. એ ત્યાંથી દિવ્યધ્વનિ સાંભળીને અહીં આવ્યા અને આવીને સમયસાર આદિ રચના કરી અને કહે છે કે ભગવાને એમ કહ્યું અમને કે અમે સિદ્ધ છીએ, તમે બધા સિદ્ધ છો. સમજાય છે?

જુઓ! નવ તત્ત્વ અને છ દ્રવ્યની તો સિદ્ધિ કરી, પણ હવે હું નવ તત્ત્વ એકલા નહિ, અમે સિદ્ધ છીએ, તમે સિદ્ધ છો. અમે પરમાત્મા છીએ, તમે પણ પરમાત્મા છો, એમ પહેલું પ્રસ્તાવના કરે છે. પસ્તાનું નથી મૂકતા પસ્તાનું? વલ્લભદાસભાઈ! કોઈ એક ગામથી બીજે ગામ જાય તો પસ્તાનું મૂકે છે ને? પહેલી ગાથામાં એ કહ્યું,

**वंदित्तु सव्वसिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं।।१।।**

અહો જીવો! આ આત્મા ચિદાનંદ આનંદકંદ સિદ્ધ સમાન શક્તિએ છે. એવો જ તમારો બધાનો આત્મા સિદ્ધ સમાન છે. એ સિદ્ધ સમાનનું અમે પસ્તાનું મૂકીએ છીએ. પસ્તાનું એટલે? એક ગામથી બીજે ગામ જાવું હોય તો બે-ચાર દીની વાર હોય તો નજીકમાં પસ્તાનું મૂકે છે અને પછી દિવસ વાર-કવાર હોય એટલે બીજે દિવસે લઈને જાય છે. અત્યારે પંચમકાળ જરી વાર-કવાર છે પણ પંચમકાળમાં અમે પસ્તાનું મૂકીએ છીએ. પંડિતજી! એ વાર-કવારમાં મૂકે છે. આવે છે ત્યાં?

પંચમકાળને વિષે કેવળજ્ઞાન અને મુક્તદશા પામવાની બરાબર પૂર્ણ લાયકાત નથી. પણ છતાં અમે કહીએ છીએ કે ભગવાન આત્મા સિદ્ધ સમાન છે. સમજાય છે?

ચેતનરૂપ અનુપ અમૂરતિ
સિદ્ધ સમાન સદા પદ મેરૌ.
ચેતનરૂપ અનુપ અમૂરતિ
સિદ્ધ સમાન સદા પદ મેરૌ.
મોહ મહાતમ આતમ અંગ,
કિયો પરસંગ મહા તમ ઘેરૌ
ગ્યાનકલા ઉપજી અબ મોહિ,
કહૌં ગુન નાટક આગમકેરૌ.
જાસુ પ્રસાદ સધૈ સિવમારગ,
વેગિ મિટૈ ભવવાસ બસેરો.

બનારસીદાસ કહે છે ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે... 'ચેતનરૂપ અનુપ અમૂરતિ' ભગવાન ચૈતન્ય અનુપમ, કોઈ એને ઉપમા આપી શકાય એવો જગતમાં આત્માને માટે કોઈ પદાર્થ નથી. 'ચેતનરૂપ અનૂપ અમૂરતિ' એને કોઈ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરૌ.' કોને કહે છે? જુઓ! અહીંયાં બનારસીદાસ પોતાને કહે છે. અહીં આચાર્યદેવ કહે છે કે અમે અને તમે બધા સિદ્ધ સમાન છીએ. હા પાડજે. સિદ્ધ પરમાત્માનું જે વીતરાગી કેવળજ્ઞાન, દર્શન ચતુષ્ટયનો સ્વભાવ અને તારા આત્માની શક્તિના સ્વભાવમાં કિંચિત્ ફેર નથી. એ શ્રદ્ધા અને જ્ઞાનની વાતમાં દૃષ્ટિમાં ફેરે શક્તિ રોકાઈ ગઈ છે, બાકી કાંઈ ફેર છે નહિ. 'સિદ્ધ સમાન સદા પદ મેરૌ.' ત્રિકાળ મારો આત્માનો સ્વભાવ સિદ્ધ સમાન છે. ત્યારે થયું શું? સિદ્ધ સમાન હોય તો થયું શું?

મોહ મહાતમ આતમ અંગ,
કિયો પરસંગ મહા તમ ઘેરૌ

પણ મોહ નામ સ્વરૂપની અસાવધાની કરીને જીવે પોતાના સ્વભાવને પોતાની જાતે ભૂલ્યો છે જેથી મોહનો પોતે પરસંગ કર્યો છે. એ સંગને લઈને પોતે મહાતમ નામ અજ્ઞાનદશામાં આવી ગયો છે. એ પર્યાયમાં—અવસ્થામાં અજ્ઞાન છે, એના ત્રિકાળ સ્વભાવમાં અજ્ઞાન નથી. સમજાય છે?

ગ્યાનકલા ઉપજી અબ મોહિ,

જ્ઞાન ચૈતન્ય હું તો છું. એ રાગ નહિ, વિકાર નહિ, શરીર નહિ, મારું એ સ્વરૂપ નહિ.

ગ્યાનકલા ઉપજી અબ મોહિ,
કહૌં ગુન નાટક આગમકેરૌ.

આવા ચૈતન્યના આગમને હું કહીશ એમ બનારસીદાસ કહે છે.

પણ અહીં ભગવાન સમયસારમાં કુંદકુંદાચાર્ય કહે છે કે અમે સિદ્ધના સ્વરૂપને કહેશું. અમે સિદ્ધ છીએ, તું પણ સિદ્ધ ભગવાન છો. હવે શ્રવણ કરતાં કરતાં લક્ષ રાખજે છીએ કે સિદ્ધ છીએ... સિદ્ધ છીએ... સિદ્ધ છીએ. અપૂર્ણ અને વિકાર નહિ, નિમિત્તના વલણમાં નહિ, સિદ્ધ છું... સિદ્ધ છું... સિદ્ધ છું... સિદ્ધ છું. એવા પરિપૂર્ણ સ્વભાવ તરફ લક્ષ રાખતા શ્રવણ કરતાં કરતાં જે અપૂર્ણતા અને સદોષતા છે એ ટળીને પૂર્ણતા અને નિર્દોષતા પ્રગટી જાશે. એમ કોલકરારથી ભગવાન કુંદકુંદાચાર્ય પહેલી ગાથામાં જે ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું એ કહેવાણું છે.

દિવ્યધ્વનિમાં આમ આવ્યું હતું. એમ નહોતું આવ્યું કે તું રાંકો છો ને પામર છો, ને મરી જાઈશ, રખડી જાઈશ ચોર્યાસીમાં. એ સ્વભાવમાં પરમાત્મા જેવો છો. અજ્ઞાનને લઈને તેં પરસંગનો પરિચય કર્યો છે એ પરસંગ છોડીને સ્વસંગ કર, સ્વસંગ કર. આત્મા જ્ઞાનાનંદ અખંડ પરિપૂર્ણ છું એનો પરિચય કર. એ પરિચય કરતાં રુચિ અને શ્રદ્ધા જ્ઞાન સ્થિર થતાં તારી શક્તિરૂપે જે સિદ્ધ સમાન દશા છે શક્તિરૂપે, એ વ્યક્ત નામ પ્રગટરૂપે પરમાત્મદશા તારી થઈ જશે. એમાં ફેર પડશે નહિ.

જુઓ! આ વાત કોને બેસે? કે જેને પાત્રતા થઈને એમ થયું કે ઓહોહો..! આ અમારી વાત કરે છે. ભગવાને દિવ્યધ્વનિમાં અમારી વાત કરી છે. આ આત્માની મુક્તિની વાત કરી. એ મુક્તિ પામ્યા કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય. અનંત ચતુષ્ટયને જે શક્તિરૂપે હતા તે વ્યક્તરૂપે પ્રગટ કર્યા. એ પ્રગટ કરવાનો ઉપદેશ ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યો કે સદા સિદ્ધ સમાન તું છો. તારા અને મારામાં કાંઈ પરમાર્થે ફેર નથી. કોને બેસે એ વાત? પર્યાયબુદ્ધિ હોય એને એ વાત બેસે નહિ. માટે ભગવાન ત્યાં દ્રવ્યબુદ્ધિ કરાવવા માગે છે કે ત્રિકાળ તારા સ્વભાવમાં વિકાર ક્ષણમાત્ર પણ ત્રિકાળમાં નથી. એ વિકાર હોય તે વર્તમાન પર્યાય નામ અવસ્થામાં એક સમય

પૂરતો સંસાર છે. એ સંસાર ત્રિકાળ સ્વભાવમાં ગોત્યો જડે તેવો નથી. એક સમયમાત્રનો વિકાર અને સંસાર એ કાંઈ આત્માનું ત્રિકાળી પદ નથી. એ ત્રિકાળી પદને જો ને ગોત ને માન તો ત્રિકાળી દશા થયા વિના તારી રહે નહિ. એમ ભગવાનના દિવ્યધ્વનિના ઉપદેશમાં તો એમ આવ્યું કે હું વીતરાગ થયો, હું સર્વજ્ઞ થયો એ પૂર્વે મારા પુરુષાર્થથી જે વીતરાગતા મેં મેળવી એવો જ ભગવાને ઉપદેશ કર્યો.

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**

**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

જેણે અરિહંત ભગવાનનો આત્મા, એના ગુણો નિર્મળ અને એની પર્યાય નિર્મળ, એ રીતે જેણે આત્માને પોતાનો જાણ્યો કે એ આત્મા આવા દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ અને પર્યાય નામ દશા એવી પરિપૂર્ણતાને પામ્યા તે જાતનો હું છું. એ જાતનો જેણે નિર્ણય અને આત્મભાનથી એ નિર્ણય કર્યો, આચાર્ય કહે છે, '**सो जाणदि अप्पाणं**' તે આત્માને જાણી શકે અને '**मोहो खलु जादि तस्स लयं**'—એનો મિથ્યાત્વમોહ નાશ પામ્યા વિના રહે નહિ. અને તે પ્રમાણે ભગવાન અરિહંતોએ મોહનો નાશ કરી——મિથ્યાત્વનો પછી ક્રમે ક્રમે સ્વભાવની સ્થિરતા દ્વારા રાગ-દ્વેષનો નાશ કર્યો અને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટ કર્યું.

અને તથ ઉપદેશ કિચા. જેવો ભગવાને પોતાના આત્માને જાણ્યો એવો જ ઉપદેશ જગતને કર્યો કે મેં કર્યો તે તું કર તો તું પણ પરમાત્મા થવાને લાયક છો. ન થાય એ વાત શાસ્ત્રમાં છે નહિ. ત્યારે (કોઈ) કહે, અભવિ છે ને? અભવિ છે ને? એ વાત અહીં નથી. અભવિ ભગવાનના સમવસરણમાં પેસી શકે નહિ. વાત સમજાય છે? ભગવાનનું જ્યાં સમવસરણ રચાણું હોય... જુઓ! એ છે. આપણે ત્યાં તો પ્રત્યક્ષ છે, અમુક પ્રત્યક્ષ છે હોં! કાંઈ બધું પ્રત્યક્ષ નથી. આ તો અહીંની અપેક્ષાએ ત્યાં માનસ્તંભ આદિ છે તો અભવિ માનસ્તંભ પાસે આવીને ઊભો રહે, પણ એ અભવિને જવાની અંદરમાં ઈચ્છા થાય નહિ. ચાર બાજુ ચાર રસ્તા હોય છે ને જવાના, ત્યાં માનસ્તંભ હોય છે. એ માનસ્તંભ હોય છે મોટા ત્યાં આગળ આવીને અભવિ ઊભો રહે. એને કોઈ રોકતું નથી, પણ એની પોતાની લાયકાત નથી માટે અંદર જઈ શકતો નથી. એટલે એની વાત નહિ. સમવસરણમાં જે આવ્યા એ ભવિ જ હોય. એ અભવિ કોઈ દી હોઈ શકે નહિ.

એને માટે ભગવાન ઉપદેશ કરે છે કે, તમે આત્મા સિદ્ધ સમાન છો એને ઓળખો, એની શ્રદ્ધા કરો અને સ્વરૂપમાં રમણતા કરો તો મુક્તિ પામ્યા વિના રહેશો નહિ. કારણ કે મેં જે પુરુષાર્થે કામ કર્યું તે પુરુષાર્થે તમે કરો તો જેમ મને કાર્ય થયું એવા કારણે તમને પણ કાર્ય થયા વિના રહેશે નહિ. એટલે કેટલાક એમ કહે છે કે અમે પુરુષાર્થ

તો ઘણો કરીએ છીએ પણ બરાબર ફળ આવતું નથી. જૂઠી વાત છે.

આત્મામાં જેટલા પ્રમાણમાં પુરુષાર્થ થાય સ્વભાવનો એટલા પ્રમાણમાં કાર્ય ન આવે એમ ત્રણ કાળમાં બને નહિ. એટલે ચૈતન્યનો અંદર પુરુષાર્થ ઘણો કરીએ છીએ, ઘણો ફળ ઓછું આવે છે એ સિદ્ધાંત જ નથી. કેમકે સ્વભાવ તરફના પુરુષાર્થનું કારણ કરે અને એનું કાર્ય ન આવે એમ ત્રણ કાળમાં બને નહિ. સંસારની વાત જુદી છે. સંસારમાં તો પુરુષાર્થ ઘણો કરવા માગે અને મળે નહિ. કેમકે પૂર્વના પુણ્ય-પાપને આધીન છે. પણ આત્માનો સ્વભાવ છે એને ભગવાને દિવ્યધ્વનિ દ્વારા કહ્યો. એકલા આત્માના પુરુષાર્થથી જ મુક્તિ થાય છે. પુરુષાર્થ વિના મુક્તિ ત્રણ કાળમાં થતી નથી. અને જેને આત્મામાં પુરુષાર્થ સૂજ્યો એને કાળલબ્ધિ ને બીજા કોઈ નડે એ વાત ત્રણ કાળમાં છે નહિ.

એમ ભગવાનની દિવ્યધ્વનિમાં દરેક આત્માની દ્રવ્યે એટલે વસ્તુની સ્વતંત્રતાનો તો ઢંઢેરો પીટ્યો પણ એની ત્રિકાળી શક્તિઓ પણ સ્વતંત્ર છે એમ ઢંઢેરો પીટ્યો. અને શક્તિ તો સ્વતંત્ર છે પણ એની વર્તમાન સ્વતંત્ર અવસ્થા—પર્યાય સમય સમયની—સમય સમયનું સત્ સ્વતંત્ર છે. જેમ ત્રિકાળ સ્વયં સત્ સ્વતંત્ર છે, એમ વર્તમાન પર્યાય વિકારી કે અવિકારી એ કરે તો થાય અને ન કરે તો ન થાય. એવી એની સ્વતંત્રતા છે. એ સ્વતંત્રતા કોઈ પદાર્થે લુંટી નથી. એમ ભગવાનના ઉપદેશમાં દિવ્યધ્વનિમાં આમ આવ્યું હતું. અજ્ઞાની પોતાની કલ્પના કરીને શાસ્ત્રમાંથી એમ કાઢે, અમારે હમણાં કાળલબ્ધિ પાકી નથી, હમણાં અમારે મોક્ષની અથવા ધર્મ સમજવાની તૈયારી નથી. અરે..! કાળલબ્ધો ક્યો હતો પણ? એ આત્માને સમજવાની પુરુષાર્થની દશા કર તે સમયને કાળલબ્ધિ કહેવામાં આવે છે. કાળલબ્ધિ કોઈ જગતની ચીજ બીજી નથી. આત્માના સ્વભાવનું ભાન કરીને તેમાં રોકા અને ઠર, એવા વર્તમાન પર્યાયના કાળને, કાળની લબ્ધિ કહેવામાં આવે છે.

એટલે ભગવાને ઉપદેશ કરતાં એમ કહ્યું બધા પદાર્થો અને તેની વર્તમાન સ્વતંત્ર પર્યાય સ્વતંત્ર છે. એ કોઈ કોઈને આધીન છે નહિ. એ અવસ્થા કોઈને લઈને અટકે એવું ભગવાને કહ્યું નથી કે કર્મને લઈને આત્મા રખડે અને આત્મા બીજાનું કાંઈ ભલું-ભૂંડું કરી દે, એવું ભગવાનની દિવ્યધ્વનિમાં ત્રણ કાળ ત્રણ લોકમાં આવ્યું નથી.

એટલે આ કર્તાકર્મનો અધિકાર, આ જીવનો કોઈ કર્તા છે એમ કહે તો વસ્તુ છે એ સિદ્ધ થતી નથી. કર્તા કહો તો વસ્તુ અનિત્ય અને કૃત્રિમ થઈ જાય છે. એટલે અકૃત્રિમ ત્રિકાળ પદાર્થનો કોઈ કર્તા જગતમાં હોઈ શકે નહિ. અને તે પદાર્થ જ્યારે સ્વતઃ સિદ્ધ છે એને કોઈ કર્તા નથી તો એની વર્તમાન અવસ્થાનો વળી કર્તા કોણ હોય? વર્તમાન પર્યાયનો કર્તા કોણ હોય? કર્મ કરાવે? ઈશ્વર કર્તા નહિ તો પછી કર્મ કરાવે? જૈનમાં તો એમ છે કે જૈન તો કહે, અમે કર્મને માનનારા છીએ. એમ હશે? એ કર્મ-બર્મ આત્માને કાંઈ કરાવતું નથી. એમ ભગવાનના ઉપદેશમાં તો આવ્યું કે સ્વયંસિદ્ધ

તારી અવસ્થાનો તું કર્તા છો. વિકાર કરીને વિકાર મારો તેમ માન તે અજ્ઞાનભાવ છે. સમજાય છે? આત્મા અનાદિ અનંત છે એની પર્યાયમાં રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા એ આદિ કપટ આદિનો ભાવ કરી અને એ વિકારી કાર્ય મારું છે, એનો કર્તા હું છું એટલો સ્વીકાર હજી ન કરે તેની તો વર્તમાન અવસ્થા સ્વતંત્ર સાબિત થતી નથી.

આ અધિકાર ચાલતો આપણે ચાલતા અધિકારમાં તો એ છે કે કરનારો અજ્ઞાની જે કાંઈ આત્મામાં રાગ અને દ્વેષના ભાવ કરે છે એ પોતે અજ્ઞાની કરે છે એને બીજો કોઈ પદાર્થ કરાવતું નથી. એ વિકારી કાર્યનો પણ ખરેખર હું કર્તા અને મારું કાર્ય છે એમ જો સ્વીકારે તો ભગવાન તો એને મિથ્યાદૃષ્ટિ કહે છે. વાત સમજાય છે? ત્યારે એ વિકારી કાર્ય પોતે ન કરે ત્યારે કો'ક એને કર્તા તો ઠરાવવો પડશે કે નહિ?

મુમુક્ષુ :- એ એની ભૂલ છે.

ઉત્તર :- ભૂલ કઈ? ભૂલ તો વાત કરી કે આત્મામાં જે ભૂલ થાય છે એ અવસ્થાની ભૂલ આત્મા કરે છે, કોઈ કરાવતું નથી. એ કર્તાપણું આત્માનું છે અજ્ઞાનીનું એ બીજાને નાખે તો પહેલી ભૂલ કરે છે. કોઈ આત્માને ઈશ્વર... કરાવે એ વાત .. .. નથી. એની વાત તો એક કોર રહી.

હવે તો કહે છે કે .. અનાદિઅનંત આત્મા સ્વતંત્ર છે તે સ્વતંત્ર છે એ પર્યાય વિકાર કરવાને પણ આત્મા સ્વતંત્ર છે. હવે વિકાર જે થયો એ વિકાર ... આત્મા ત્રિકાળી નથી. એ ક્ષણિક વિકાર તે મારું કાર્ય કરીને દૃષ્ટિમાં જે રોકાઈ જાય એને પણ ભગવાન મિથ્યાદૃષ્ટિ પોતાની દિવ્યધ્વનિમાં પોકારે છે. ... કહેતા નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિના પરિણામ જે પુણ્યના થાય એ પરિણામ પણ વિકાર છે તે ખરેખર હું એનો જાણનાર છું, એ વિકારનો ભોગવનાર હું છું નહિ. એમ જે ન જાણે તેને ભગવાન સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની કહેતા નથી. જુઓ! આ વીતરાગની દિવ્યધ્વનિનો આ ઢંઢેરો. બીજાનું તો કરે નહિ, બીજાની દયા નહિ, બીજાની હિંસા નહિ, બીજાનું કાંઈ ભલા ભૂંડું કરવાનું તો આત્મામાં કાંઈ છે નહિ. સ્વતંત્ર બધા પદાર્થો એની અવસ્થાનું પલટવું તેને કારણે થાય છે. એટલે બીજાનું તો કરે નહિ પણ પોતામાં પરને કરવાનો જે ભાવ અહંકાર અને અજ્ઞાન અને રાગ-દ્વેષ એ ક્ષણિક વિકાર છે. એ ક્ષણિક વિકાર છે. એ ક્ષણિક વિકારનો કર્તા આત્મા ત્રિકાળી, એ ક્ષણિકનો જ કર્તા સ્વીકારી લે તો એને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યસ્વભાવની પણ ખબર નથી. એવી વાત ભગવાને દિવ્યધ્વનીમાં ઢંઢેરે પીટી.

અહીં કહે છે કે હજી તો અમે પરની દયા કરી દઈએ, પરની સેવાઓ કરી દઈએ. ત્રણ કાળ ત્રણ લોકમાં એ તણખલા તોડવાના, કટકા કરવાનું સામર્થ્ય આત્મામાં છે નહિ. એક પાંપણ ફેરવવાની તાકાત ચૈતન્યમાં ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. એક પરમાણુ અને જડની અવસ્થા વર્તમાન થવાની હોય તો થાય છે, એ કાંઈ ચૈતન્યના અધિકારની વાત

નથી. છતાં મૂઢ જીવો અનાદિથી આત્માનો અધિકાર સ્વમાં છે તેમ છોડીને પરમાં, શરીરમાં, વાણીમાં, પર જીવમાં ભલા ભૂંડું કરી દઈએ એવી માન્યતા છે તે અજ્ઞાન છે એમ ભગવાન કહે છે. એ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞે આમ જોયું છે. હવે અજ્ઞાની એની કલ્પનામાંથી કાંઈક નવું કાઢે તો એના ઘરમાં જાય એવું છે, પણ ભગવાનનો માર્ગ એ છે નહિ.

ભગવાને તો આમ કહ્યું, પ્રભુ! સ્વયંસિદ્ધ સ્વતંત્ર છો. આ 'સર્વ દ્રવ્ય જગમેં અસહાયી'. કોઈ દ્રવ્ય કોઈને સહાય કરે એવો ત્રણ કાળ ત્રણ લોકમાં સ્વભાવ નથી. ક્યારે? કેવળજ્ઞાન થાય ત્યારે ને? ત્રણે કાળે અને ત્રણ લોકે. સર્વ દ્રવ્ય જગમેં અસહાયી. કોઈ કોઈ દ્રવ્ય કાંઈ ત્રણ કાળમાં કોઈને સહાય—મદદ કરે એવી ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈની શક્તિ નથી. જેનામાં જે શક્તિ ન હોય તેને બીજો આપે એમ ત્રણ કાળમાં બને નહિ અને પોતામાં શક્તિ ન હોય ને બીજાની પોતે લે એવી પણ તાકાત કોઈ પદાર્થની નથી, એવો ભગવાનનો ઉપદેશ દિવ્યધ્વનિ દ્વારા આવ્યો. આવું સ્વયંસિદ્ધ સ્વતંત્ર સમજીને ઘણા જીવો ભગવાનના સમવસરણમાં એ સમકિતને પામ્યા, એ આત્મજ્ઞાનને પામ્યા એ સમવસરણમાં.

અહીં તો અત્યારે શાંતિનાથ ભગવાન વિધિનાયક તરીકે કેવળજ્ઞાની થયા એમ વાત કરી છે. પણ જ્યાં જ્યાં કેવળજ્ઞાન પામ્યા ભગવાન ત્યાં ત્યાં એમના ઉપદેશ જ્યારે થયા ત્યારે ધર્મ પામ્યા વિના રહેતા નથી. મહાવીર ભગવાન. એમને જ્યારે વૈશાખ સુદ દશમે કેવળજ્ઞાન થયું અને સમજનારની લાયકાત જગતના જીવોની તે ટાણે હતી નહિ અને વાણી નીકળવાની લાયકાત પણ વાણીમાં હતી નહિ. ભગવાની વાણી નીકળે અને સમજનાર સમજવાને લાયકવાળા જીવ ન હોય એમ કોઈ દી બને નહિ. સમજાય છે?

એક પક્ષ કહે છે કે ભગવાનની વાણી નીકળી પણ જીવો દેવો હતો અને મનુષ્યો નહોતા માટે ધર્મ ન પામ્યા. એ વાત ત્રણ કાળમાં સાચી નથી. કેમકે ભગવાનની વાણી પોતાના સ્વભાવમાં ઠરતા કાંઈક રાગ પૂર્વે રહી ગયો એ ઠરવા માટે નીકળેલી એ રાગની વાણી જ્યારે ધ્વનિ ઊઠે ત્યારે ધર્મના સમજનાર ન હોય એમ ત્રણ કાળમાં બને નહિ. એવો વસ્તુનો સ્વભાવ છે. એટલે ભગવાનને જ્યારે વાણી ન નીકળી બે મહિના અને છ દિવસ સુધી. વૈશાખ સુદ દશમે કેવળજ્ઞાન થયું, અષાઢ વદ એકમે ધ્વનિ છૂટી. કેમકે વાણી નીકળવાને જીવો લાયક સમજનાર ન હોય એવો નિમિત્ત નૈમિત્તિક મેળ તૂટે એમ કોઈ દી બને નહિ. સમજાય છે?

હવે શું કહેવાય છે આ? કે ભગવાનની દિવ્યધ્વનિ નીકળે અને ધર્મ સમજનારા ન હોય એમ કોઈ દી બને નહિ. એમ ધર્મ સમજનારા એ દિવ્યધ્વનિને લઈને સમજે એવી પરાધીનતા પણ હોય નહિ. શું કહ્યું? શિવલાલભાઈ! વાણી નીકળે જ્યારે તીર્થંકરદેવની દિવ્યધ્વનિ એ પૂર્વે આત્માના સ્વરૂપમાં ઠરતા ઠરતા કાંઈક બાકી રહેલો રાગ, એમાં એ

બંધાઈ ગયેલી ભાષા છે. એ રાગમાં નિમિત્ત પામીને પરમાણુ બંધાણા, એ પરમાણુનો જ્યારે અવાજ અને ધ્વનિ નીકળે ત્યારે પોતે તે ક્ષણે ધર્મ પામવાના અંદરની ભૂમિકામાં રમણતા કરતા એ ભૂમિકામાં રાગ હતો એટલે રાગમાં જે પરમાણુ બંધાણા રાગનું નિમિત્ત પામીને એ પરમાણુ જ્યારે છૂટે દિવ્યધ્વનિ તરીકે (ત્યારે) ધર્મ સમજનાર સભામાં ન હોય એમ કોઈ દી બને નહિ. સમજાય છે?

એ તો ન હોય પણ કુંદકુંદાચાર્ય પોતે કહે છે. અમે આ જે વાણી સમયસારની કરીએ છીએ અને આ કાળે સમજનાર ન હોય એમ બને નહિ. કેમકે એ પાંચમી ગાથામાં કહે છે. પાંચમી ગાથામાં કહે છે. સમજાય છે? એ પાંચમી ગાથા હું મારા વૈભવથી કહીશ. મારા વૈભવ દ્વારા કહીશ. જુઓ! એમાં એ વાત આવે છે ન્યાયથી. ઘણી વાર એ કહેવાઈ ગઈ છે.

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेतव्वं।।५।।**

હું મારા આત્માના વૈભવથી સ્વરૂપની એકત્વતા ને વિકાર ને સંયોગથી વિભક્ત નામ પૃથક્ છે તેવા આત્માને મારા વૈભવથી કહીશ. '**जदि दाएज्ज**' જો હું દેખાડું છું તો પ્રમાણ કરજે. પ્રમાણ કરજે. એમ આદેશ કરે છે. '**जदि दाएज्ज पमाणं**' એમ કહેતા વાણી નીકળી છે અમારી અને સમજનાર ન હોય એમ ત્રણ કાળમાં બને નહિ. પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं ण घेतव्वं।**' ક્યાંય વિભક્તિ અને શબ્દોમાં ફેરફાર અને સ્ખલના આવે તો એ વાત ગોતીશ નહિ. અમે આત્માની જે વાત કહેવા માગીએ છીએ તે વાતને સમજ. '**पमाणं**'—પ્રમાણ કરજે એમ કહે છે. કોને કહે છે? પાત્ર ભાળ્યા છે કે નહિ? પાંચમી ગાથામાં (કહે છે), '**जदि दाएज्ज**'—હું પોતે પ્રમાણથી વાત કરીશ. તો તે વાતને પ્રમાણ કરજે. આત્મા પરથી નિરાળો સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. એને કોઈ રોકવા સમર્થ છે નહિ. પોતાની ભૂલે રોકાય છે. પોતે જ્યારે સમજે ત્યારે નિમિત્ત એની મેળાએ હાજર હોય છે. નિમિત્તોને આત્મા મેળવી શકે એ ત્રણ કાળમાં વાત બનતી નથી. અને સમજવા ટાણે નિમિત્ત ન હોય એમ પણ ત્રણ કાળમાં બનતું નથી. કેમકે કહે છે કે અમે જ્યારે કહેનાર છીએ ત્યારે સમજનાર લાયક જીવ ન હોય તો એમ પણ બનતું નથી.

અરે..! પંચમકાળના મુનિઓ પણ જ્યારે કહે છે કે પ્રમાણ કરજો. મારી વાત પ્રમાણ કરનારા નહિ મળે એમ વાત પાંચમી ગાથામાં કહેતા નથી. સમજાય છે? એટલું તો જોર (છે). દિવ્યધ્વનિ પાસે લઈને આવેલા છે અંશ ત્યાંથી. દિવ્યધ્વનિ સાંભળીને આવ્યા છે અને તેની વાણી સાંભળવામાં સમજનારા ન હોય એમ જ્યારે બને નહિ, તો અમે આઠ દી ત્યાંથી સાંભળીને આવ્યા એમ અમારા ઉપદેશને સમજનાર ભરતક્ષેત્રમાં ન હોય એમ પણ બને નહિ. પંડિતજી! એ પાંચમી ગાથામાં એમ કહે છે. એમાં સંધિ એમ છે. વાત

સમજાય છે? છતાં સમજનાર સમજનારને કારણે સમજે છે, હોં! કાંઈ નિમિત્તને લઈને નહિ. પણ જ્યારે સમજાવનારું યથાર્થ નિમિત્ત હોય, આવું આ કહેનારનું દિવ્યધ્વનિના પડખેથી આવેલું, એટલે આચાર્ય પોકાર કરે છે કે પ્રમાણ કરજે, અનુભવથી પ્રમાણ કરજે. આત્મા અખંડ જ્ઞાનાનંદ છું, વિકલ્પ આદિ વિકાર છે, શરીરાદિ પર છે, કર્માદિ સંયોગ એ પર છે. એવા .. તને સ્વરૂપથી એકત્વ અને વિકાર અને પરથી વિભક્ત કહીએ છીએ, હા પાડજે, ના પાડીશ નહિ. એમ કહેતા શું આદેશ કરીને હુકમ કરે છે? એવા જીવો પાત્ર અમારા આવા સંયોગમાં ન હોય એમ બને નહિ.

તો જેની વાણી દિવ્યધ્વનિ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન, એનું શું કહેવું? જેની પરિપૂર્ણતાની દશા અને વાણીમાં પણ પરિપૂર્ણતા એક સમયમાં પૂરું લેતી આવે અને જે ભાવે તીર્થંકરગોત્ર બાંધ્યું, એની વાણીમાં સમજનાર સભામાં ન હોય એમ કોઈ દી બને નહિ. એ વાણી એમ કહે છે કે અમે જ્યારે નિમિત્તરૂપે છીએ, નિમિત્ત કોનું? જ્યારે સમજનાર હોય છે તેનું. એટલે સમજનાર જીવોની લાયકાત ન હોય એમ બને નહિ, પણ જીવોને એમ થઈ જાય છે કે આવી વાત! આ તો મોટી એલ.એલ.બી. અને બી.એ.ની લાગે છે. એ પોતાના આત્માને પોતે નકારમાં અને નાલાયક છું એમ કરીને વાણીનું જે નિમિત્તપણું સમજવાની યોગ્યતાવાળાને જે સંધિવાળું છે એ સંધિ પોતે તોડી નાખે છે. સમજાય છે કાંઈ? ...ભાઈ! શું કહ્યું?

ભગવાનની વાણીમાં તો સમજવાની એની લાયકાત છે એવું એ નિમિત્ત છે. એ બેની નિમિત્ત-નૈમિત્તિક સંધિ છે કે ભગવાન જે સમજ્યા અને પૂર્ણ પામ્યા એ વાત શ્રવણ કરનાર ન સમજે એમ બને નહિ. કારણ કે દિવ્યધ્વનિના બંધન વખતે, વાણીના બંધન વખતે રાગ જ એ જાતનો થયેલો હતો. તો સમજનારને એમ થવું જોઈએ કે આહા..! આવી વાણી જ્યારે અમને મળી છે, નક્કી અમે પાત્ર થઈને અલ્પ કાળમાં પૂર્ણ થઈ જશું. એવી જેની લાયકાત છે એને માટે આ દિવ્યધ્વનિ નિમિત્ત તરીકે કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શું કહ્યું એમાં?

ભગવાન તીર્થંકરની વાણી તો ઉપદેશ એવો છે, પણ કુંદકુંદાચાર્ય કહે છે કે પ્રમાણ કરજે... પ્રમાણ કરજે અનુભવથી આત્માની વાત. પરથી જુદો અને સ્વતંત્ર સ્વયંસિદ્ધ છે, એની શ્રદ્ધા કર, ઓળખાણ કર અને અનુભવ કર. એ અનુભવ કર એમ કહ્યું ત્યારે કરી શકવાની લાયકાત ભાળીને કહ્યું કે એમ ને એમ કહ્યું? એટલે કે છે. કોણ? થાય તે. હવે કોણ થાય? ઓલો કહે કે પણ અમે નહિ. એલા પણ તું શું કરવા નીકળી જા છો? સાગમટા નોતરા આપ્યા. સમજાય છે? ત્યાં કાંઈ કંદોરાબંધ કે એમ નથી આપ્યું. સાગમટા નોતરા. હવે માંદો પડ્યો ઘરે પડ્યો હોય ને ખાવા ન આવે એ જુદી વાત છે. બાકી સાગમટા નોતરામાં કોઈ બાકી રહે નહિ. સાગમટા નોતરા કહે છે ને? જમણવાર

કહે છે ને? જમણવાર. બધાને જમણવાર કહે છે બધાને, બધા આવો. પછી કોઈ માંદો હોય, રોગી હોય ને ખાટલામાંથી ન આવે તેથી કાંઈ એને નોતરું નથી એમ છે નહિ. એ તો એને નાલાયકને કારણે આવતો નથી.

એમ ભગવાનની દિવ્યધ્વનિમાં એકદમ ચૌદ બ્રહ્માંડના જીવોને નોતરું આવ્યું છે. અરે.. જીવો! સિદ્ધ સમાન મુક્ત પામવાની લાયક સમાન તમે બધા જીવો છો. તમારામાં સંસાર અને બંધન એક સમયમાત્ર છે. એક સમયની રુચિના કારણે સંસાર ટક્યો છે. એ સંસારનું મૂળિયું લાંબુ છે નહિ. એ સંસારનું મુળિયું લાંબુ નથી. પણ મોક્ષના મૂળ બહુ ઊંડા છે. ધર્માના મૂળ ઊંડા (છે). કેમકે આત્મામાંથી જે આત્માનું ભાન થઈને જે શ્રદ્ધા ને જ્ઞાનની દશા પ્રગટે એ અનંત... અનંત... અનંત... અનંત... અનંત.. ભવિષ્યનો કાળ છે એટલો કાળ રહે છે. એ કાળ પછી પૂર્ણ દશા થઈ એને પાછું પડવાનું નથી. અને જેટલો સંસારના કાળની અવસ્થાનો કાળ ગયો એના કરતાં મોક્ષની અવસ્થાનો કાળ અનંતગુણો છે. અનંત... અનંત... અનંત... અનંત. સંસારની એક સમયની અવસ્થા અને મોક્ષની અનંતી પર્યાયની અવસ્થા એવો અનંતગુણો કાળ છે. સમજાય છે? કેમ ભૂતકાળ કરતાં ભવિષ્યકાળ અનંત ગુણો છે. એવો જે આત્મા એની અંદરમાં સંસાર એક ક્ષણમાત્ર છે. સ્વભાવનું ભાન કર તો એ મૂળ લાંબા એના નથી. તારા મૂળ લાંબા છે કે જે તું કાઢ્યો નીકળે નહિ. ગમે તેટલો કાળ એ મલિનતા સેવે અને ગમે તેટલો કાળ એનો અશુદ્ધતામાં જાય, પણ એની સમયની મલિનતા કોઈ પુષ્ટિ થઈ જાય? સ્વભાવમાં તો મલિનતા ન આવે, પણ એની સમયની મલિનતા તે કાંઈ ગાઢી થઈ જાય, કે અનંતકાળ અનંતકાળ પછી સિદ્ધ થશે એની વર્તમાન મલિનતા સિદ્ધ થવા પહેલાની બહુ ઘાટી થઈ ગયેલી હોય. એ તો મલિનતા તો એક સમયની છે તે છે. પ્રાણભાઈ! સમજાય છે? અને અનંત કાળ થયા મલિન હજી કોઈ પર્યાયમાં સમય સમયનું કર્યા કરે અને અંદર શુદ્ધતા જે છે એ કાંઈ હિન થઈ જશે?

સ્વભાવ જે ત્રિકાળ દ્રવ્ય-ગુણ છે એ હિન થઈ જશે? ત્રિકાળ દ્રવ્ય-ગુણ જે છે એ તો શુદ્ધ જ છે અને પર્યાય ગમે તેટલો કાળ સમય સમયની નવી બનાવે તો એ અશુદ્ધતાનો કાળ લંબાય પણ કાંઈ પર્યાયની અશુદ્ધતાની પુષ્ટિ થઈને બહુ ઉગ્ર થઈ જાય એમ કોઈ દી બને નહિ. આવી વાત ભગવાને દિવ્યધ્વનિમાં કરી હતી. તારે અને પરને કાંઈ સંબંધ નથી. તારી અવસ્થામાં તું ભૂલ્યો માટે રોકાણો છો. એ સંસાર તે વિકાર છે અને વિકાર તે મારી પોતાની અજ્ઞાનની ભૂલ છે. એ અજ્ઞાનનું કર્તા કાર્ય છે. હવે તે સંસાર મારા સ્વભાવમાં નથી. સમજાણું?

જુઓ! આ કર્તાકર્મનો અધિકાર એ છે. મારા આત્મામાં સંસાર ક્રોધ, માન આદિ છે જ નહિ ને. હું આત્મા સંસારસ્વરૂપ જ નથી ને. આ એવો કર્તાકર્મ બતાવ્યું કે

જે સંસારનો, પુણ્ય-પાપનો ભાવ એ ક્ષણિક છે, એ અજ્ઞાનનું કાર્ય છે. અજ્ઞાન જ હું નથી ને. હું તો જ્ઞાનસ્વરૂપ છું, ચૈતન્ય નિર્મળ છું. એમ જણાવીને પુણ્ય અને પાપનો વિકાર તે આત્માનું કાર્ય નથી, પણ તે ક્ષણે આત્માની શ્રદ્ધા અને જ્ઞાન કરું તે આત્માનું કાર્ય છે. આ કર્તાકર્મની સંધિ ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞદેવે એ દિવ્યધ્વનિ દ્વારા બતાવી છે. અને એ બતાવી છે તે આ કુંદકુંદાચાર્ય કહેવા માગે છે અને એ અહીં આપણે કહેવાય છે. એ કાંઈ બીજી વાત છે નહિ.

એટલે ભગવાન તીર્થંકરદેવની વાણીમાં સ્વતંત્ર છ દ્રવ્યો, નવ તત્ત્વો જેમ અનાદિ છે તેમ છે. પહેલા પછી કાંઈ છે નહિ કે સંસાર પહેલો હતો અને પછી કોઈ જીવનો મોક્ષ થયો, મુક્તિ જગતમાં બિલકુલ નહોતી એમ પણ કાંઈ છે નહિ. એમ બધું છે. આ સમજે એની મુક્તિ થાય અને ન સમજે એ સંસારમાં રખડે. પણ સમજવાની અહીં તો વાત છે એટલે રખડવાની વાત તો અહીં કહેવાની નથી.

દિવ્યધ્વનિમાં તો એ આવ્યું છે કે તારા આત્માના સ્વભાવનું કાર્ય તો ખરેખર તો જ્ઞાતા અને દૃષ્ટાનું કાર્ય છે. જાણ અને દેખ એ સિવાય તારું કોઈ કર્મ જ નથી. કર્મ જડ તો તારું કર્મ નહિ, પણ પુણ્ય અને પાપના પરિણામ વિકારી થાય એ પણ ખરેખર તારું કર્મ છે નહિ. ..ભાઈ! શું આવે છે આમાં? સમજાણું કાંઈ? જુઓ! એ વાત છે અહીંયાં. કાલે માન સુધી આવી હતી. માનમાં એ જરી વાત તીર્થંકરગોત્રની વાણીમાં જે દિવ્યધ્વનિ આવી એ દિવ્યધ્વનિ બંધાવાનો કાળ પણ એવો હોય છે કે તદ્દન એ નિર્માન... નિર્માન.. નિર્માન હોય છે. સમજાય છે?

આપણે માન અહીં આવ્યું છે કે જે માન જરી આત્માની પર્યાયમાં થાય એ માનનું કાર્ય પણ મારું છે એમ જ્ઞાની માનતો નથી. હું તો જ્ઞાતા-દૃષ્ટા છું, મારું સ્વરૂપ તો નિર્મળાનંદ છે. જો એકવાર ચિદાનંદી તીર્થંકરગોત્ર કોણ બાંધે એની જરી વાત કરે છે કે 'જબ અંતર મદ ભાવ વહાવે, તબ ત્રિભુવન નાથ કહાવે.' અજ્ઞાની ક્ષણ ક્ષણમાં જગતના પદાર્થનું માન કરીને ચૈતન્યની નિર્મળ સત્તાના સ્વભાવને ભૂલી જાય છે. ત્યારે જ્ઞાની ક્ષણે ક્ષણે મારો આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે અને જરી રાગાદિ થયો તેનું સ્વરૂપ મારું એ નથી. અને જગત પાસે માન લેવા જે માગતો નથી. 'જબ અંતર મદ ભાવ વહાવે...' એટલું જ્ઞાની મદને, માનને એટલું મોળું પાડી નાખે છે. મારા ચૈતન્યની સત્તાના બહુમાનમાં જગતના ક્યા પદાર્થનું હું માન લઉં અને દઉં. મારા સ્વભાવનું માન મારી પાસે છે, બીજું માન એવું જગતમાં ત્રણ લોક અને ત્રણ કાળમાં નથી. એવું જ્યારે આત્મા માનના ભાવને અંતરમાં વાળે, એટલે કે માનને ગાળીને નિર્માન દશા થાય, 'તબ ત્રિભુવન નાથ કહાવે.' ત્યારે ત્રણ લોકનો નાથ તીર્થંકર ત્યારે થાય છે. કેમકે માન જ્યારે ગાળ્યું અને નિર્માન દશા અંદરથી પ્રગટ થઈ અને માનનો જરી ભાગ (રહ્યો), અરે..! એ હું નહિ..

હું નહિ. હું તો અખંડાનંદ શુદ્ધ ચિદાનંદ આનંદકંદ છું. એમ માનને ગાળીને નિર્માન ચૈતન્યસ્વભાવમાં શમ્યા અને કાંઈક બાકી રાગ રહી ગયો એના ફળમાં એવું કે 'જબ અંતર મદભાવ વહાવે,...' માનને સ્વરૂપમાં વહાવે કે હું મોટો ચૈતન્યે મોટો છું. હું રાગે, પુણ્યે, શરીરે ને સંપદાએ મોટો નથી. એમ જેણે માનને સ્વભાવ તરફ વાળ્યું અને રાગ જરી રહી ગયો, તબ ત્રિભુવન નાથ કહાવે, ત્રણ લોકનો નાથ તીર્થંકરગોત્ર ત્યારે બાંધે છે.

એ તીર્થંકરગોત્રપણાની ઉપાર્જે અંદરમાં માન જ્યારે ગળીને નિર્માન દશા થાય ત્યારે. માન માગે એને માન મળતા નથી. એટલે આ અધિકારમાં પણ આપણે માન શબ્દ આવ્યો હતો. એ અજ્ઞાની જ્યારે માન કરે ત્યારે પરનું માન કરે છે. ભગવાનની વાણીમાં આવ્યું, અજ્ઞાનીને પરપદાર્થનું અભિમાન આવે છે, જ્ઞાનીને એ માનનો અહંકાર આવતો નથી. કોની વસ્તુ મારી? હું તો આત્મા છું. મારી વસ્તુનું સાધન મારી પાસે, કર્તા પણ હું, મારું કાર્ય પણ મારી પાસે અને સાધન પણ મારા આત્મામાં છે, કાંઈ મારું સાધન બહારમાં નથી. અને મારે કંઈપણ કરીને દેવું હોય તો હું કરનાર અને હું લેનાર. હું કોઈને દેનાર અને લેનાર કોઈ બીજી ચીજ છે નહિ. સંપ્રદાન હું, રાગ ઘટાડીને નિર્માન અને અરાગી દશા પ્રગટ કરીને મને આપું. મારી પાસે રાખું પણ મારે દેવા-લેવાનું કાંઈ બીજા પાસે છે નહિ. ભારે સ્વાર્થ ત્યારે તો આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બહુમાન આવી ગયું ને આ પોતાનું. દેવ-ગુરુ-શાસ્ત્રનું માન કરતો જ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રના બહુમાન વખતે પણ પોતાનું બહુમાન કરે છે. પરનું બહુમાન કરે છે એમ કહેવું એ વ્યવહારનો ઉપચાર છે. ખરેખર જ્ઞાની.. ધ્યાન રાખજો. જ્ઞાની એ કેવળી અને દેવ અને ગુરુ ને શાસ્ત્રને દેખીને એનું બહુમાન આવે છે એ વાત ખોટી છે. કેમકે એ પદાર્થને દેખીને બહુમાન આવે તો પદાર્થ તો કાયમ રહેવાના છે. તો તો એને માન કોઈ દી ટળી શકે નહિ. એ પર્યાયબુદ્ધિ જીવને પરને દેખીને માન આવે છે. મિથ્યાદષ્ટિ ઠરાવે ધ્યાન રાખજો.

આ દેવ-ગુરુ અને શાસ્ત્ર આ સાચા છે, આ સારા માટે મને બહુમાન આવે એને ભગવાન મિથ્યાદષ્ટિ કહે છે. ધ્યાન રાખજો. કેમ? કે એણે રાગનું કારણ તો આ ચીજને માની. પણ રાગ મારી નબળાઈને લઈને થયો છે અને સ્વભાવ તરફમાં ઠર્યો નથી માટે થયો છે એમ એને જાણવામાં રહ્યું નહિ. એટલે અજ્ઞાનીને પરવસ્તુને દેખીને બહુમાન આવે છે. જ્ઞાનીને પોતાના સ્વભાવમાં ઠરતા વાર લાગે છે એટલે જરી બહુમાન આવ્યા વિના રહેતું નથી. પણ એ બહુમાન ખરેખર પરનું તો નથી. ...ભાઈ! સમજાણું કાંઈ? ભારે ઊંધી વાત ભાઈ જગતથી.

જો પરને લઈને બહુમાન હોય તો પર તો કાયમ ચીજો રહેવાની છે. કેવળીઓ

કે દી જગતમાં નથી? ગુરુ કે દી જગતમાં નથી? શાસ્ત્ર કે દી જગતમાં નથી? અને એ તો પર્યાયબુદ્ધિવાળાનું કથન મિથ્યાદષ્ટિનું છે. જ્ઞાનીનું કથન છે કે આત્મા સ્વયંસિદ્ધ સ્વતંત્ર શુદ્ધ છે. એનું બહુમાન કરતાં કરતાં જ્યારે રાગ રહી જાય છે ત્યારે અશુભ રાગ ટળે છે એટલું પોતાનું બહુમાન કરે છે. અને રાગ રહ્યો એટલે લક્ષ પરમાં જાય છે એટલે કહે છે કે હું બહુમાન પરનું કરું છું. ખરેખર કોઈ પરનું બહુમાન કરતો નથી. પરનું બહુમાન કરે તો એ હોય ત્યાં સુધી—પર હોય ત્યાં સુધી પરને માટે મોટપનો વિકલ્પ રાખ્યા જ કરવો. એટલે વિકલ્પ ટાળીને નિર્વિકલ્પ ઠરવાની ભાવના રહી નહિ. એટલે આ છે ત્યાં સુધી મારે રાગ કરવો, રાગ કરવો. રાગની ભાવના થઈ. રાગની ભાવનાનું જ્ઞાનીએ ત્રણ કાળમાં કહ્યું નથી. એ ભાવના તો સ્વભાવની કર કે જ્ઞાનાનંદ છું. ઠરી ન શકે ને રાગ આવે ને માન કરે એ તો વ્યવહારનો ઉપચાર છે. કોણ કરે છે બહુમાન? ખલાસ થઈ ગઈ વાત. ધ્યાન રાખજો, આ વાત સમજવા જેવી છે.

કોઈ કહે કે આ કેવળીને દેખીને આને રાગ આવ્યો. તો રાગની ખાણ તો નિમિત્ત થયું. તો તો કેવળીઓ જ્યાં સુધી જગતમાં રહે ત્યાં સુધી એને રાગ થયા કરે. એ રાગ મિથ્યાદષ્ટિને એવી જાતની એકતાની બુદ્ધિ હોય છે. જ્ઞાનીને જે કાંઈ રાગ અને બહુમાન આવે છે એ સ્વભાવમાં ઠરી શકતો નથી એટલે વૃત્તિ ઉઠે છે. એ વૃત્તિનું નબળાઈનું કારણ છે, નહિ કે તે બહુમાન પરનું કરે છે માટે કારણ છે. આમ જે કારણમાં આંતરો પાડે એને પણ આત્માના સ્વભાવની ખબર નથી.

એમ ભગવાન દિવ્યધ્વનિ દ્વારા એ વસ્તુના સ્વભાવનું આમ વર્ણન કરતા હતા. બીજું વર્ણન કરે એ ભગવાનના ઘરની વાત નથી. જુઓ! આ વાત તો બહુ ઊંચી લાગશે. આ પ્રતિમા અને આ દેરાસર ને એનું બહુમાન ખરેખર નથી. એનું બહુમાન હોય તો જે આ ચીજ છે ત્યાં ને ત્યાં બધા એનું બહુમાન કરવા આવવા જોઈએ. એને જેને પોતામાં ખ્યાલમાં આવીને કાંઈક રાગ થવાનો ભાવ થાય છે, ખલાસ થઈ ગયું એ પર બહુમાનનું કારણ થયું નહિ. એને પોતાના રાગમાં જરી ઠીક લાગ્યું ત્યારે એને અશુભ ટળીને શુભ થાય છે. અને જ્ઞાનીને ઠરતા વાર લાગે છે માટે રાગ થાય છે, નહિ કે પરને લઈને થાય. એ વાત સાચી નથી.

કહેવામાં એક આવે છે કે ભગવાનના ઉપર ગૌતમને રાગ રહ્યો. એ ભગવાનની હયાતી હતી માટે રાગ રહ્યો, ભગવાન મોક્ષ પધાર્યા એટલે રાગ ટળી ગયો. એ વાત બરાબર નથી. એ વાત ત્રિકાળ જૂઠી છે. ભગવાન હતા ત્યાં સુધી રાગ ગૌતમને રહ્યો અને ભગવાન મોક્ષ પધારે એટલે રાગ છૂટી ગયો. વાત જ અજ્ઞાનીઓએ કલ્પેલી છે. એમ વસ્તુનું સ્વરૂપ છે નહિ. ગૌતમ પ્રભુને પોતાની નબળાઈને કારણે રાગ રહ્યો અને સબળાઈને કારણે રાગ ટળ્યો. આ એક નિયમ સિવાય બીજો કોઈ નિયમ સાચો નથી.

નથી. ...ભાઈ! કહો, સમજાણું આમાં? ઘણામાં એમ કહેવાય છે કે ભગવાનને રાગ હતો, ભગવાન ઉપર ગૌતમ ગણધરને, પછી ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા તો ગણધર આવ્યા, હે ભગવાન! મને આ કેમ આઘો મૂક્યો? આ મોક્ષમાં તો સાથે લઈ જવા હતા. આ હું પાછળ રહી ગયો. આવે છે ને કાંઈક એવું? 'તેં મને ..ડે રાખ્યો...' આ તે કાંઈ બાળકની વાતું હશે?

મુમુક્ષુ :- વિલાપ કરે છે.

ઉત્તર :- હા, એ વિલાપ-ફિલાપ (કરે) એવી વાત સાચી નથી. એવું હોય નહિ ત્રણ કાળમાં. કાંઈ ભગવાનને માટે રાગ રહી ગયો છે ગણધરને એ વાત ત્રણ કાળમાં સાચી નથી

અહીંયાં ભગવાનની વાણીમાં આવેલું આચાર્યદેવ કહે છે. જ્ઞાનીને રાગ પૂર્ણ દશા ન હોય તો હોય છે. એ રાગનો મૂળ હેતુ તો નબળાઈ સિવાય કોઈ છે નહિ. અને તે નબળાઈ સબળાઈમાં જતા વાર લાગી છે માટે છે, નહિ કે ચીજો છે માટે છે. એ વાતમાં મોટો તત્ત્વનો વિરોધ છે. વસ્તુનો સ્વભાવ એમ છે નહિ.

એટલે અહીંયાં ભગવાન કહે છે અજ્ઞાનીને જરી માન આવે છે એ માનને કાર્ય માને છે કાં એ માન પરને લઈને આવ્યું છે, આણે મને ઉશ્કેર્યો માટે મને માન આવ્યું, આણે મને મોટો કહ્યો માટે મને આવ્યું, આણે મને પ્રશંસા બહુ કરી માટે મને માન આવ્યું, એમ જે માને છે એ માન વિકાર પરને લઈને થાય છે, એમ માનનાર માનના સ્વરૂપને પણ સમજતો નથી.

જ્ઞાનીને માન જરી હોય છે. જાણે છે કે મારા સ્વભાવમાં નથી. જરી નબળાઈમાં મચક ખવાણી છે તો હું એનો કર્તા નહિ પણ ખરેખર હું એનો જ્ઞાતા છું. જાણનાર-દેખનાર સિવાય મારું કોઈ કાર્ય છે નહિ. એમ સમજવું તેનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એ સિવાય સમ્યગ્દર્શન .. આ સમ્યગ્દર્શન અને જ્ઞાન વિના ચારિત્ર—સ્વરૂપની રમણતા આ વ્રત, તપ અને પૂજા અને ભક્તિ એ આ ભાન વિના બધા, એ બધા રણમાં પોક મૂકવા જેવા છે. પુણ્ય-બુણ્ય બાંધે પણ જન્મ-મરણને ટાળે નહિ.

માટે ભગવાન ત્રિલોકનાથ કહે છે, આત્મા સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે. વિકાર કરવામાં સ્વતંત્ર ન રહ્યોને જ્યારે? શિવલાલભાઈ! ભગવાનને લઈને રાગ થાય એટલે વિકાર કરવા સ્વતંત્ર ન રહ્યો. વાત ખોટી છે. એ આત્મા ચિદાનંદ જ્ઞાનનું ભાન થવા છતાં ઠર્યો નથી માટે જરી રાગ રહે છે. આ વાતને ન સમજે અને પરને લઈને થાય છે તો દેરાસર હોય ત્યાં સુધી કેવળજ્ઞાન ન લેવું. ત્યાં સુધી એનું સામું જોયા કરવું અને આમ ઠરવામાં કરવું નહિ. એ તો પોતાની અંતર જ્યારે ઠરે નહિ અને તેથી રાગ આવ્યા વિના રહે નહિ એ વાત બરાબર છે. પણ રાગનો હેતુ પર ચીજ છે અને પરને માટે રાગ કરે

છે એ વાત ભગવાનની વાણીમાં આવી નથી. અને એવું સ્વરૂપ નથી એટલે વાણીમાં ક્યાંથી આવે? વાણીમાં જે હોય એવું આવે કે ન હોય એવું આવે? એટલે ભગવાને દિવ્યધ્વનિ દ્વારા કહ્યું કે દરેક આત્મા સ્વતંત્ર, ગુણ સ્વતંત્ર, વિકાર પણ સ્વતંત્ર. વિકાર જ્યારે સ્વતંત્ર અને કોઈને કારણે નહિ, તો નિર્વિકારી આત્માને આશ્રયે વિકાર ટળ્યા વિના રહે નહિ અને મુક્તિ થયા વિના રહે નહિ.

ભગવાનની જે મુક્તિ અને કેવળજ્ઞાન ચતુષ્ટયપણે પામ્યા, એમ આ આત્મા પણ એ જાતની વાત યથાર્થ સમજે તેને ન પામે એમ ત્રણ કાળમાં બને નહિ. આ દિવ્યધ્વનિનું ફળ તો જગતના જીવો ધર્મ પામે તે છે. દિવ્યધ્વનિ ભગવાનની વાણી નીકળી એમ નહિ હોં. પણ વાણીનું ફળ તો જીવો તે ભગવાનનો આશય ગ્રહે, શ્રદ્ધે, ઓળખે અને ઠરે એ દિવ્યધ્વનિનું ફળ છે, બીજું ફળ છે નહિ. એમાં કાંઈ સ્વર્ગ-બર્ગ બતાવીને ત્યાં કાંઈ લાલચ આપીને આવજે ત્યાં ઈન્દ્રાણી પાસે એમ બતાવવું નથી. આવજે મારી પાસે એટલે સિદ્ધદશામાં આગળ. એ સિવાય ભગવાનને કાંઈ કહેવું નથી. એ દિવ્યધ્વનિમાં ઉપદેશ સ્વતંત્ર છે એ વાત આવી છે, નવ તત્ત્વની, છ દ્રવ્યની એ ઉપદેશ સાંભળીને અનંતા જીવો સમકિત પામ્યા, શ્રાવક થયા, મુનિ થયા અને કેવળજ્ઞાનને પણ પામ્યા છે. અત્યારે પણ પામે છે, ભવિષ્યમાં પણ પામશે, ત્રિકાળ સનાતન ધોરી શાશ્વત માર્ગ ચાલ્યો આવે છે. એ માર્ગ કોઈ કૃત્રિમ અને અનિત્ય છે નહિ. નિત્ય અને શાશ્વત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)